# વીશા શ્રીમાળી જ્ઞાતિના એક પ્રાચીન કુળની વંશાવળી

— મુનિ શ્રી જયંતવિજયજી

[ આ વંશાવળી, કોઈ વહીવંચા( કુળગુરુ–કળગર )ની કોઈ પ્રાચીન વહી ઉપરથી સંગૃહીત કરવામાં આવી હોય તેમ જણાય છે. જેમ શિલાલેખો, તામ્રપત્રો, સિક્કાઓ, પ્રાચીન ઐતિહાસિક ગ્રંથો અને ભાટ–ચારણોની કવિતાઓ વગેરે ઈતિહાસનાં સાધનો છે, તેમ વહીવંચાઓની પ્રાચીન વહીઓ પણ એક ખરેખરું ઈતિહાસનું સાધન છે. ભાટ–ચારણ વગેરે કવિઓ અને ગ્રંથકારો કરતાં પણ આવી વંશાવળીઓમાંથી જે ઈતિહાસ મળે તે ભલે થોડો હોય, પરંતુ તે વિશેષ વિશ્વાસપાત્ર માની શકાય; કારણ કે ભાટ–ચારણ કે કવિઓ જેના ઉપર સંતુષ્ટ હોય અથવા તેઓ જેના આશ્રિત હોય, તેની પ્રશંસા કરતા કરતા એટલા આગળ વધી જાય છે કે, તેની મર્યાદા પણ રહેતી નથી; જ્યારે વહીવંચાઓનું તો માત્ર તેમના યજમાનોની વંશપરંપરામાં થતાં આવતાં માણસોનાં નામો જ લખીને સાચવી રાખવાનું કામ હોવાથી તેમજ લેખક – કળગર અને યજમાન કે જેના સંબંધી હકીકત લખાઈ હોય છે, તે બંને લગભગ સમકાલીન જ હોવાથી આવી વહીઓમાંથી છૂટોછવાયો મળી આવતો ઈતિહાસ બિલકુલ સાચો હોવાનું માની શકાય તેમ છે. વળી લેખક કે વાચકના દોષને બાદ કરતાં આવી વહીઓની અંદર લખેલા સંવતો કે મિતિઓ પણ લગભગ બરાબર સાચી હોય છે, કારણ કે તે બધું તે તે કાળમાં થયેલા વહીવંચાઓએ પ્રાયઃ પોતાની હયાતીમાં જ દેખેલું કે થયેલું હોય તે પ્રમાણે લખેલું હોય છે. ગ્રંથકારો કે કવિઓની જેમ ઘણાં વર્ષો પહેલાં થઈ ગયેલી વાતોને વહીમાં લખવાનો પ્રસંગ વહીવંચાઓને બહુ જ ઓછો આવે છે, માટે વહીવંચાઓની પ્રાચીન વહીઓને ઈતિહાસનું એક ખરેખરું અંગ માનવામાં કશો પણ વાંધો હોય તેમ હું માની શકતો નથી.

જો કે આવી વંશાવળીઓમાં કુટુંબપરંપરાનાં નામો સિવાય બીજો ઈતિહાસ ઓછો મળે એ એ વાત ખરી, પરંતુ આમાં પણ દેશ, ગામ, રાજા, આચાર્યો, મુનિઓ વિગેરેનાં નામો ઉપરાંત અમુક અમુક શ્રાવક–શ્રાવિકાઓએ કરેલાં શુભ કાર્યો – જેવાં કે મંદિરો બંધાવ્યાં, જીર્ણોદ્ધાર કરાવ્યા, તીર્થોના સંઘ કાઢચા, દીક્ષા લીધી વગેરે બાબતોમાંથી કેટલીક બાબતો તો સંવત તથા મિતિ સાથે મળી આવે છે અને તે લગભગ વિશેષ વિશ્વાસપાત્ર હોય છે. તે સિવાય તે તે દેશ–કાળના રીત – રિવાજો, પુનર્લગ્ન કે આંતરજાતીય લગ્નો સંબંધી હકીકતો, યુદ્ધ, દેશ – ગામ ભાંગ્યા કે વસ્યાં સંબંધીની હકીકતો તથા રાજકીય વિગતો પણ આવી વંશાવળીઓમાંથી મળી આવે છે. વાચકોને ખાત્રી થાય તેટલા માટે એવી એક વંશાવળી નમૂના દાખલ અહીં આપવાનું ઉચિત ધાર્યું છે.

તે વંશાવળી આ પ્રમાણે છે :



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# वंशावली*

॥ अथ भारद्वाजगोत्रे संवत् ७९५ वर्षे प्रतिवोधितश्रीश्रीमालीज्ञातीयः श्रीशांतिनाथगोष्ठिकः श्रीभिन्नमालनगरे भारद्वाय(ज)....गोत्रे श्रेष्ठ(ष्ठी)तोडा तेहनो वास पूर्विलि पोलि भट्टनइ पाडि कोडि ५ नो व्यवहारीयो तेहनी गोत्रजा अंबाई नगरिनि परसरि गो....णीसरौवरि देव्यानां ठांम नेऊसहिस तेहमांहि ईशाणकुणदिशि चंपकवाडी तेहमांही चैत्य चिहु पासइ आंबानां वृक्ष तिहांनां स्थांनकि चतुर्भुजा गोत्रज स्वरूप–रूपमइ द्वादरि न हुइ तुं कुंकुनो लीटी पाटलि ३ कीजइ, नैवेद्य लापसी पूडला खीचडुं ज्वारिनुं चैत्री आसोई ९ पुत्र जन्मइं पारणे त्रिमुंडणि ज़मणीनुं कापडुं फईनइ सहर्षी १ पुत्र जन्मइ पुत्रीइं अर्द्धकर कीजइं।

श्रेष्ठ(ष्ठी) तोडा भा. सूरमदे पु. गुणा भा. रंगाई पु. हरदास भा. माहवी पु. भोला भा. गंगाई पु. गोंवाल भा. मघा पु. आसा भा. पुहती पु. वर्जांग भा. करमी पु. शिवा भा. पती पु. महिराज भा. कमाई पु राजा भा. पूरी पु. गणपति भा. रही पु. झांझण भा. कपू पु. मणोर भा. हापी पु. कुंयरपाल भा. वाछी पु. पासा भा. प्रेमी पु. वस्ता भा. बनादे पु. कांन्हा भा. सांपू पु. नाह्वा संवत् ११११ वर्षे श्रीभिनमालभग्नं मनुष्यनी कोडि मरणगई बंदि

( पायचीग्रामे )

पछ्या श्रेष्ठ नाना नाठा कोलीहारामांहि पायचिग्रांमे वास्तव्य श्रेष्ठ नाना भा. पूगी पु. अमरा भा. आऊ पु. हरदे १ वरदे २ नरदे ३ नगा ४ हरदे भा. हांसलदे पु. गोपी १. पदमा २. गोपी भा. गुरादे पु. जोगा भा. हपू पु. नांदिल भा. नांदलदे पु. सारिंग १, महिण २, संघा

( पत्तननगरे )

३, धपा ४, पत्तनि वास्तव्य सार्सारें संवत् १२२५ वर्षे फोंफलीयावाडि सारंग भा. नारिंगदे

( नरेलिग्रामे )

पु. सीधर १. जीवा २. सीधर भा. सरीयादे पु. उचली गांभू पासे नरेलि ग्रांमे वास्तव्य सासरइं संवत् १२८५ वर्षे सीधर भा. सिरियादे पु. अना १. वन्ना २. अना भा. अनादे. पु. मूला १ श्रीआदिजिनबिंबं चउवीसवट्ट भराव्यओ संवत् १३१६ वर्षे श्रीअंचलगच्छे श्रीअजितसिंहसूरीणामुपदेशेन प्रतिष्ठितं एक कुपगोत्रजाचैत्य मूलाकेन एवं कृतं मूला भा. मालणदे पु.

* आ मूळ वंशावळी श्रीमान् पूज्य प्रवर्तकजी महाराज श्रीकांतिविजयजी महाराज पासेना साहित्य-संग्रहमांथी तेओश्रीनी कृपाथी प्राप्त थई छे. — लेखक



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वरधमांन १ जइत्ता २. वरधमांन भा. वयजलदे पु. करमण १ लाला २ एउ चली मोढेरइ

( मोढेराग्रामे )

वास्तव्यः तेणे मोढेरइ दाघेलीऊ महं कर्मा ते साह्र तेणि सगपणि संवत् १३९५ वर्षे महं करमण भा. कर्मादे पु. महूया भा. सोहागदे पु. धना १ हीरा २ खीमा ३ चुथा ४. हीरा भा. हीरादे पु. संवत् १४४५ वर्षे बिंब चुवीसवट्टे(ट्टे) प्रतिष्ठामहोत्सव श्रीअंचलगच्छे श्रीमेरू-तुंगसूरि चोमासि राख्या प्रतिष्ठितं(ष्ठा) महोच्छव करावी मोढेरि. हीरा भा. हेमादे पु. भावड भा. पूनी पु. देवा १ पर्बत २ नंदा ३. देवा भा. सरीयादे पु. सूरा—लखमण भा. लखमादे पु. हर्षा १ जगा २. हर्षा भा. पूरी पु. नरपाल १ वरजांग २ फतना ३ रतना ४. नरपाल भा. लीलादे पु. नरबद भा. नांमलदे पु. वस्ता १.

वरजांग भा. सखी पु. राणा १ श्रीवंत २ भाणा ३ महिराज ४.

फतना भा. माहणदे. पु. वेणा भा. मरघादे पु. भीमा १ अमा २ लहूया ३.

जगा भा. जिस्मादे पु. सीपा १ सांमल २.

परबत भा. पेमलदे पु. रामा १ पदमा २ भादा ३. रामा भा. ढढ्ढ पु. नाथा १ नारद २ सोमा ३. नाथा भा. नागलदे पु. आणंद — नाकर भा. टांक पु. सधारण १ शिवसी २ गोपी ३.

नंदा भा. लाखू पु. रूपा १ आमा २. रूपा भा. कुंयरि पु. भचा १ अजू २ महिपा ३ कांन्हा ४. भचा. भा. नाथी पु. राघव भा. राजलदे पु. धना १ वर्धमान २ पोचा ३ पोपट ४.

अजू भा. अजादे पु. रूडा १ राजा २ नायक ३, रूडा भा. १ वयजलदे पु. मेघजी १ जगमाल २. द्वि. भा. मांणिकदे पु. अभयराज.

नायक भा. नारिंगदे पु. देवराज १. संघराज २.

मं. नंदाख्ये(ऽऽख्ये)न मल्लिनाथ बिंब भराव्यो ए आदि कुटुंबि बिंब ३ भराव्या श्री-अंचलगच्छे श्री विजयकेसरसूरीणामुपदेशेन प्रतिष्ठितं सं. नंदा द्वै. ( द्वि० ) भा. हींरू पु. साहू भा. सुहागदे पु. खीमा भा. देवलदे पु. वीसा १ देशल २ लाला ३. वीसा. भा. टूबी पु. सहिसा भा. मरघाई पु. सिंघा १.

देशल भा. मकू पु. लखा भा. खीमाई पु. हरखा १. मेघा २. जगा ३. आणंद ४. कामा ५. पोमा ६ ( दीक्षा ). अर्जण ७. हरखा भा. गुरी पु. वर्द्धमान १. ठाकु(र) २.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अर्जण भा. अहिवदे पु. मांडण १.

पूर्वि करमणभाई लाला भा. लाडमदे पु. हरदास भा. हांसलदे पु. रहीया–महूया

( वलहग्रामे )

( दीक्षा ). महूया भा. मांनबाई पु. हीरा उचली गोलवाडी वलहग्रांमि वास्तव्य मं. हीरा भा. सखू तेहनि डीलिं सिद्धशीकोत्तरी भावतेह कारणिं पूछी कहिउं माहरइ गोत्रज जुहारुं तेह कारणें पांजरि नाम लेई गोत्रज जुहारइ नणंदनइ सेर २ नीमा ३ पारणे त्रिमुंडणिं माणा ४ ना लाडू कुटंबमांहिलाहि फईनइ सहिर्षी १. मं. हीरा भा. सखु पु. चाचा भा. चांपलदे पु. पोमा १ मका २. पोमा भा. प्रेमलदे पु. श्रीवंत भा. सरीयादे पु. भोला भा. भावलदे पु. रीडा भा. सोभी पु. सिंघा १. समधर २. सिंघा भा. जयवंती पु. काला १. अर्जुन २. वन्ना ३. काला भा. मरघू पु. देवा १. भीमा २. देवा भा. नानू पु. दूदा भा. आनी पु. जसा १.

भीमा भा. भरमादे पु. जोधा भा. जिस्मादे पु.

अर्जुन भा. माणकदे पु. नाकर भा. पुहती पु. सोहा १ पेथा २ नाईया ३ नगा ४ पांचा ५. सीहा भा. सरीयादे पु. देवराज १ शिवराज २.

( पत्तणिनगरे )

पूर्वि महुया चतुर्थ पुत्र चुथा भा. चांहणिदे पु. सोभा संग्रहणं कृतं नोरते वास्तव्यः सांप्रति पत्तनि वास्तव्यः संबत् १४४१ वर्षे लघुशाखी बभूवः सोभा भा. रंगाई पु. माहव १ ईभा २. ईभा भा. देमी पु. रंगा १ जागा २, रंगा भा. रंगादे पु. वरसंग जेमा भा. जिस्मादे पु. सुंटा १ राईया २ ( दीक्षा ). सुंटा भा. करमादे पु. राजपाल १ विजपाल २ ब्रह्मदास ३.

( लहरी सलखणपुरपार्श्वे )

मं. जागा फडीयाना व्यापारथी फडीआ अडक. जागा भा. जिस्मादे पु. जोगा १.

( चाहणसामिग्रामे )

पूर्वि वर्द्धिमांन भाई जयता उचली चाहणसाविं वास्तव्यः सासरामांहि तव श्रीभट्टेवा-श्रीपार्श्वनाथचैत्यं कारातितं संवत् १३३५ वर्षे श्रीअंचलगच्छे अजितसिंहसूरीणामुपदेशेन प्रतिष्ठितं मं. जयता भा. जयवंती पु. हपा भा. देमाइ पु. मांडण भा. मालणदे पु. रहीया भा. रही-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( गेगूदणग्रामे )

यादे पु. वस्ता उचली गेगूदणि वास्तव्यः वस्ता भा. चलादे पु. वागू–रणसी भा. रमादे पु. मदा १ वाछा २ रामा ३. मदा भा. सलखू पु. नगा १ हापा २ तेजा ३. नगा भा. धनी पु. हापा भा. मानू पु. करमसी भा. तेजू पु. रीडा १ सिधा २.

वाछा भा. भोली पु. होईया १ भीमा २ गळ्या ३. भीमा भा. करमी पु नायक १ माला २ हरखा ३ गोरा ४ सांमल ५ कुंरा ६. नायक भा. नायकदे पु.

माला भा. मांनू पु. सीहा १ सरवण २ करमण ३. सीहा भा. टांक पु. जागा १ मेघा २. जागा भा. जीवादे पु.

सरवण भा. सहिजलदे पु. वीरम १ खोखा २ जूठा ३. वीरम भा. वनादे पु.

( मदासणग्रामे )

करमण भा. कामलदे पु. रीडा १ लखा २. रीडा भा. राजलदे पु. शवसी भा. सुखमादे पु. लखा भा. लखमादे पु. जगसी १. हरखा [२ हरणा] भा. माणेकदे पु. मेला १. माका २. जीवा ३. नाथा ४. मेला भा.........................................पु. अटोल १.

मांका भा. मालणदे पु. श्रीवंत १ वीणा २ धना ३ धरमसी ४ अजा ५. श्रीवंत भा. सरीयादे पु. पूंजा १ देवा २. पुंजा भा. रत्नादे पु. वीणा भा. वलादे पु. रांका १.

गोरा भा....पु. सांमल भा. रमादे पु. कडूया भा. कपूरदे पु. श्रीचंद १ देवचंद २ हरिचंद ३, श्रीचंद भा. कोडिमदे पु. जयचंद १ मानजी २.

( खालीयाअ )

देवचंद भा. अछबादे पु. लालजी १.

पूर्वि सीधरभाइ जीवा पत्तनि मं. जीवा भा. जीवादे पु. जिणदत्त भा. पकू पु. वना

( डहिरवाली )

१ विजया २ (दीक्षा). वना उचली सासरइ जांबूथी डहिरवालि वास्तव्यः संवत् १२९५ वर्षे मं. वना भा. सखू पु. माधा भा. सांपू पु. नयणा १ नगा २ रंगा ३. नयणा भा. नारिंगदे पु.

( वयजलकग्रामे )

सारिंग वयजलके वास्तव्यः सारंग भा. सरीयादे पु. डोसा भा. नाकु पु. रंगा १ मेला २ रामा



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. रंगा भा. जोमी पु. वाछा श्रीपार्श्वनाथचैत्यं प्रतिष्ठितं श्रीअंचलगच्छे श्रीभुवनतुंगसूरीणा-मुपदेशेन मं. वाछा भा. माऊ पु. करमण १ लखमण (चारित्रं). मं. करमण भा. करमादे पु. मोका भा. पूगी पु. महिराज १ मांडण २. महिराज भा. माणिकदे पु. देवा १ नगा २. मं. देवा भा. देवलदे पु. मांना भा. मांनू पु. जागा भा. देगो पु. धरणी भा. पूरी पु. पासा भा. अजी पु. शिवा १ पोचा २. शिवा भा. वलादे पु. जाणा १. भाणा २. भावड ३. नरसंघ ४. करमसी ५.

सीपा भा. सरीयादे पु. मांका १.

( वढवांणिमांहि बलदांणु )

पूर्वि महाराज भाई मांडण भा. सोमी पु. वरधा १ काला २ नोला ३ लखा ४. वरधा भा. देगी पु. सांगा भा. सांगारदे पु. कान्हडदे उचलो वडुद्रइ वास पछी बलदाणा वास्तव्य तत्र वसही कारापिता मूलनायक श्रीपार्श्वनाथबिंबं कान्हडदे भा. कपूरदे पु. चांपा १ अमीया २. चांपा भा. प्रेमलदे पु. सहसा भा. सरीयादे पु. जीवा १ खीमा २ जीवा भा. ३ टूबी पु. भीमा १ शाणा २ भुजबल ३ जंसा ४ जाणा ५ जोधा ६. भीमा भा. भावलदे पु. श्रीवंत १ जयचंद २ रंगा ३.

( पूर्विं बलदाणेऽधुना नागनेशर्ति )

शांणा भा. समाई पु. शिवराज भा. अजादे पु. सांपल १ श्रीमल २ भला ३ भोजा ४. सांमल भा. सूरमदे पु. वाधा १ नागजी २ हेमराज ३. वाधा भा........पु.............................आंबा १ सद्धराज २. आंबा भा.......पु. नागजी भा. देवकी पु. सूरजी १.

हेमराज भा. गेलां पु. सहिजपाल १ खेता २.

श्रीमल भा. २ सणगारदे पु. मेघा १ मेला २. मेघा भा. सवीरां पु. सिवगण १ श्रीपाल २. श्रीमल द्वै ( द्वि० ) भा. वीरमदे पु. वेला ३. वेला भा........पु. जेठा.

( खंभायत पासिं तारापुरिं )

पूर्वे माधव पुत्र नगा भा. २ नागदे पु. गोगन १ गणपति २ संवत् १४४५ वर्षे श्रीशेत्रुंजयतीर्थनी यात्रा कृता श्रीरंगरत्नसूरिनि आचार्यपदस्थापना श्रीअंचलगच्छे गुजराती सोरठि चोरासी गच्छना यतींनिं वेस वुहराव्या । वाणोत्र मिलीनि एणि कारणि डहरवालीया



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रसिद्ध बिरुदः । गोगन भा. गुरादे पु. मंगल १ जिणदत्त २. मंगल भा. मयगलदे पु. खोजा १ कान्हा २. खोजा भा. सहिजलदे पु. गहगा १ गणपति २. गहगा भा. मनाई पु. कुंभा १ कुंरा २. कुंभा भा. कुंभादे पु. पोपट १ लाला २ वाला ३. पोपट भा. माई पु. विद्याधर भा. हर्षादे पु. वाच्छा १ सहसा २ (दीक्षा), वाछा भा. दाडिमदे पु. भोजा १ भीमा २ संतोखी ३. भोजा भा. धनी पु. शिवसीऽ.

पूर्वे सारींग भाई महिषा भा. फूलां पु. भाटा ते सिद्धाराय जेसंगदे (व) राज्यव्यापार सहसलिंग ऊपरि रायनुं आदेश चित्त करी तिहां पाषांण अणावि ते पांच गज ला (गा) डलां दीठ रखावइ वरतण माटे रायें गोभलेज गांम आप्यउ छइ चिडोत्तरमांहि मातर पासिं तिणि गांमि पाषाण मोकलइ तिणि गांमि तलाव १२ कूप १२ कराव्या. श्रीशेत्रुंजय प्रासाद बिंबं प्रतिष्ठितं श्रीअंचलगच्छे पछि कालांतरे राजा रूठो दोषीए पाषांणनी राव कीधी । मं. भोटा

## ( मंडपदुर्गे )

मंडपदुर्गि वास्तव्यः भाटा भा. देमी पु. लुंभा भा. मांनी पु. माधव १ केशव २. माधव भा. माल्रणदे पु. गांगो १ गोरा २. गांगा भा. रूपी पु. जयवंत भा. जिस्मादे पु. भूभच १ भरमा २. भूभच भा. रजाई पु. नाका १. माका २. नाका भा. नयणदे पु. सोभा उचली

## ( वडोदरे )

वडोदरे वासः खेतसीनइ पागटिं मं. सोभा भा. सरीयादे पु. कर्मा १. धर्मा २. कर्मा भा. करमादे पु. भीमड १. भावड २. भीमड भा. भीमादे पु. देवड भा. देमाई पु. राजड १. चांपा २. राजड भा. पदमाई पु. भावड १. भरमा २. भावड मा. रूपाई पु. ठाकरसी ए उचली

## ( तारापुरे )

खंभायति पार्श्वे तारापुरि वास्तव्य पछी सीगी वाडइ ठाकरसी भा. मलाई पु. जेसंग १ बदा २. जेसंग भा जिस्मादे पु. साभा भा. रूडी पु. श्रीपति भा. सुहवदे पु. हरखा १ कामा २ मांगा ३. मं. हर्खा भा. हर्खादे पु. रामा १ रूपा २ रांणा ३. रामा भा..................

આ વંશાવળી, **શ્રીભિન્નમાલ (ભીનમાળ)** નગરનિવાસી, **શ્રીશ્રીમાલી** (વીશા શ્રીમાળી) જ્ઞાતિના, **ભારદ્વાજ** ગોત્રીય શેઠ **તોડાના** વંશની લગભગ ૫૦ પેઢીઓની છે. આમાં **૩૩** પેટા શાખાઓ પણ આપેલી છે અને તે વિ. સં. **૭૯૫** થી શરૂ થઈ આશરે વિ. સં. ૧૬૦૦ સુધીની એટલે લગભગ **આઠ સો** વર્ષની છે. તેનો પાછળનો–છેલ્લો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાગ અધૂરો હોવાથી, તે આજકાલના કયા ગામના કયા ખાનદાન કુટુંબની છે, તે જાણી શકાયું નથી. જેટલો ભાગ મળ્યો છે, તેનો સારાંશ આ પ્રમાણે છે :

**ભારદ્વાજ** ગોત્રવાળા **તોડા** નામના વ્યાપારીને **ભીનમાલ** નગરમાં વિ. સં. **૭૯૫** માં કોઈ પણ જૈનાચાર્યે પ્રતિબોધી જૈન બનાવીને **શ્રીશ્રીમાલી (વીશા શ્રીમાળી)** જ્ઞાતિમાં સ્થાપન કર્યો. તે શેઠ **તોડો, ભીનમાલ** નગરમાંની પૂર્વલી (પૂર્વ દિશાની) પોળમાં આવેલા **ભટ્ટના પાડામાં** રહેતો હતો. ત્યાં તે **શ્રીશાંતિનાથ** ભગવાનના મંદિરનો કાર્યવાહક–વ્યવસ્થાપક અને પાંચ ક્રોડનો આસામી મોટો વેપારી હતો. તેની કુલદેવી **અંબાજી** છે. અહીં **ભીનમાલ** નગરના સીમાડામાં ગો....ણી નામના સરોવરથી ઈશાન ખૂણામાં ચંપાવાડી છે. તેની અંદર અંબાજીનું ચૈત્ય–મંદિરની આ મંદિરની ચારે બાજુમાં આંબાનાં વૃક્ષો છે. આ મંદિરમાં અંબાજીની ચાર ભુજાવાળી મૂર્ત્તિ છે. શ્રીઅંબાજીનાં કુલ નેવુ હજાર સ્થાનો કહ્યાં છે, તેમાં આ પણ એક છે. આ સ્થાનકની અંબાજીનાં ગોત્રીજનું સ્વરૂપ (ગોત્રીજ જુહારવાની–ગોત્રીજ–જારણાંએ વિધિ ) આ પ્રમાણે છે :

અંબાજીની રૂપાની મૂર્ત્તિ, તે હાજર ન હોય તો એક શુદ્ધ પાટલા ઉપર કંકુની ત્રણ લીટીઓ કરવી અને નૈવેદ્યમાં લાપશી, પૂડલા તથા જુવારીનું – જારનું ખીચડું, હરેક ચૈત્ર તથા આસો મહિનાની શુદિ ૯ ને દિવસે કરવું. પુત્ર જન્મે તો પુત્રને પારણામાં પહેલી વાર સુવાડતી વખતે ત્રિમુંડણી જમણીનું (જમની–અટલસ વિગેરે કોઈ જાતિનું) કાપડું એક તથા રૂપિયો એક ફોઈને આપવો. જો પુત્રી જન્મે તો પુત્રથી અરધો કર કરવો.

## મૂળ શાખા ક

**ભીનમાલ નગર**

(૧) શેઠ તોડાની ભાર્યા સૂરમદે, પુત્ર (૨) ગુણા ભાર્યા રંગાઈ, પુત્ર (૩) હરદાસ ભાર્યા માહવી, પુત્ર (૪) ભોલા ભાર્યા ગંગાઈ, પુત્ર (૫) ગોવાલ ભાર્યા મર્ઘાં, પુત્ર (૬) આસા ભાર્યા પુહતી, પુત્ર (૭) વરજાંગ ભાર્યા કરમી, પુત્ર (૮) શિવા ભાર્યા પતી, પુત્ર (૯) મહિરાજ ભાર્યા કમાઈ, પુત્ર (૧૦) રાજા ભાર્યા પુરી, પુત્ર (૧૧) ગણપતિ ભાર્યા રહી, પુત્ર (૧૨) ઝાંઝણ ભા૦ કપૂ, પુ૦ (૧૩) મનોર ભા૦ હાપી, પુત્ર (૧૪) કુંવરપાલ ભા૦ વાછી, પુ૦ (૧૫) પાસા ભા૦ પ્રેમી, પુ૦ (૧૬) વસ્તા ભા૦ વનાદે, પુ૦ (૧૭) કાન્હા ભા૦ સાંપૂ, પુ૦ (૧૮) નાન્હા. વિ. સં. ૧૧૧૧ માં શ્રી ભીનમાલ ભાંગ્યું. ક્રોડો મનુષ્યો મરણ પામ્યાં અને કેદ પકડાયાં. તે વખતે શેઠ નાન્હાએ ત્યાંથી નાસીને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પાયચી ગામ** ' કોલીહરા ' માંના ' **પાયચી** ' ગામમાં જઈને વાસ કર્યો. તે શેઠ નાન્હા ભા૦ પૂગી, પુત્ર ( ૧૯ ) અમરા ભા૦ આઊ, પુ. ( ૨૦ ) હરદે ૧, વરદે ૨, નરદે ૩, નગા ૪. તેમાંના હરદે ભા૦ હાંસલદે, પુ૦ ( ૨૧ ) ગોપી ૧, પદમા ૨. તેમાંના ગોપી ભા૦ ગુરાંદે, પુ૦ ( ૨૨ ) જોગા ભા૦ હપૂ, પુ૦ (૨૩) નાંદિલ ભા. નાંદલદે, પુ૦ ( ૨૪ ) સારંગ ૧, મહિપા ૨, સંઘા ૩, ધપા ૪.

**પાટણ નગર** તેમાંના સારંગે પોતાના સાસરે–**પાટણ** શહેરમાં જઇને ત્યાં **ફોફલીયા વાડામાં** વિ. સં. ૧૨૨૫માં વાસ કર્યો. તે શેઠ સારંગ ભા૦ **નારંગદે,** પુ૦ ( ૨૫ ) શ્રીધર ૧, જીવા ૨. તેમાંના શ્રીધરે ત્યાંથી ઉચાળો ભરી પોતાના સાસરે **ગાંભૂ**[1] પાસેના **નરેલી** ગામમાં જઇને વિ. સં. ૧૨૮૫ માં વાસ કર્યો. તે

**નરેલી ગામ** શેઠ શ્રીધર ભા૦ સિરિયાદે, પુ૦ ( ૨૬ ) અના ૧, વના ૨. તેમાંના અના ભા૦ અનાદે, પુ૦ ( ૨૭) મૂલા. આ શેઠ મૂલાએ **શ્રીઆદિનાથ** ભગવાનનું બિંબ તથા જિનચોવીશીનો પટ્ટ કરાવીને તેની વિ. સં. ૧૩૧૬ માં **અંચલગચ્છીય શ્રી અજિતસિંહસૂરિજીના**[2] ઉપદેશથી પ્રતિષ્ઠા કરાવી, તથા તેણે એક કૂવો અને એક કુલદેવી–અંબાજીનું ચૈત્ય કરાવ્યું. તે શેઠ મૂલાની ભા૦ માલણદે, પુ૦ ( ૨૮ ) વર્ધમાન ૧, જઇતા ૨. તેમાંના વર્ધમાન ભાર્યા વેજલદે, પુ૦ ( ૨૯ ) **કરમણ ૧,**

**મોઢેરા ગામ** લાલા ૨. તેમાંના કરમણે અહીંથી ઉચાળો ભરીને, ગામ **મોઢેરાના દાધેલીક** મંત્રી કર્મા સાઢુ થાય તે સગપણથી મોઢેરામાં[3] આવીને સં. ૧૩૯૫ માં વાસ કર્યો. તે મંત્રી કરમણ ભા૦ કર્માદે, પુ૦ ( ૩૦ ) મહૂયા ભા૦ સોહાગદે, પુ૦ ( ૩૧ ) ધના ૧, હીરા ૨, ખીમા ૩, ચોથા ૪. તેમાંના શેઠ હીરાએ **શ્રી અંચલ-**

---

૧. ગાંભૂ ગામ ભોયણીથી ૯ ગાઉ, રાંતેજથી ૨ ગાઉ, ચાણસ્માથી ૬ ગાઉ અને પાટણથી ૧૨ ગાઉ દૂર આવેલું છે. ગાંભૂ પ્રાચીન ગામ છે. વિ. સં. ૮૦૨ માં પાટણ વસ્યું તે પહેલાં ગાંભૂ વિદ્યમાન હતું. અહીં અત્યારે શ્રાવકોનાં વીશ ઘર અને એક જિનમંદિર છે.

૨. આચાર્યપદ સં. ૧૩૧૪. સ્વર્ગવાસ સં. ૧૩૩૯. —સંપાદક.

૩. મોઢેરા–ભોયણીથી ૧૨ ગાઉ, ગાંભૂથી ૩ ગાઉ, ચાણસ્માથી ૬ ગાઉ અને પાટણથી ૧૨ ગાઉ દૂર આવેલું છે. મોઢેરા, ગાંભૂથી પણ પ્રાચીન હોવાનું જણાય છે. મોઢેરામાં હાલ શ્રાવકોનાં એકવીશ ઘર અને એક જિનમંદિર વિદ્યમાન છે. ગામની બહાર એક પ્રાચીન જિનમંદિરનું ભવ્ય ખંડિયેર તે ગામની પૂર્વની જાહોજલાલીને અત્યારે પણ દેખાડી રહ્યું છે.

સાહિત્યપ્રેમી મુનિરાજશ્રી ન્યાયવિજયજીનો લખેલો "મહાતીર્થ મોઢેરા" નામનો વિસ્તૃત લેખ "શ્રી જૈન સત્ય પ્રકાશ" નામના માસિકના ૮–૯ અંકમાં છપાઇ ગયેલ છે. મોઢેરા સંબંધી વિશેષ હકીકત જાણવા ઇચ્છનારે ત્યાંથી જોઈ લેવી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગચ્છીય શ્રી મેરુતુંગસૂરિજી**[1] **ને** વિનતિ કરીને વિ. સં. ૧૪૪૫ નું ચોમાસું રાખ્યા અને તેમના ઉપદેશથી જિનબિંબ તથા જિનચોવીશીનો પટ્ટ કરાવીને મહોત્સવપૂર્વક તેની **મોઢેરા** ગામમાં પ્રતિષ્ઠા કરાવી હતી. તે શેઠ હીરા ભા૦ હીરાદે–હેમાદે, પુ૦ (૩૨) ભાવડ ભા૦ પૂની, પુ૦ (૩૩) દેવા ૧, પરબત ૨, નંદા ૩. તેમાંના દેવા ભા૦ સરીયાદે, પુ૦ (૩૪) સૂરા–લખમણ ભા૦ લખમાદે, પુ૦ (૩૫) હર્ખા ૧, જગા ૨. તેમાંના હર્ખા ભા૦ પુરી, પુ૦ (૩૬) નરપાલ ૧, વરજાંગ ૨, ફતના ૩, રતના ૪. તેમાંના નરપાલ ભા૦ લીલાદે, પુ૦ (૩૭) નરબદ ભા૦ નામલદે, પુ૦ (૩૮) વસ્તા ૧.

**ख.** (૩૬ **क**) નરપાલના ભાઈ વરજાંગની ભાર્યા સખી, પુ૦ (૩૭) રાણા ૧, શ્રીવંત ૨, ભાણા ૩, મહિરાજ ૪.

**ग.** (૩૫ **क**) નરપાલના ત્રીજા ભાઈ ફતનાની ભા૦ માહણદે, પુ૦ (૩૭) વેણા ભા૦ મરઘાદે, પુ૦ (૩૮) ભીમા ૧, અમા ૨, લહૂઆ ૩.

**घ.** (૩૫ **क**) હર્ખાના ભાઈ જગાની ભા. જિસ્માદે, પુ૦ (૩૬) સીપા ૧, સામલ ૨.

**ङ.** (૩૩ **क**) દેવાના ભાઈ પરબતની ભા૦ પેમલદે, પુ૦ (૩૪) રામા ૧, પદમા ૨, ભાદા ૩. તેમાંના રામા ભા૦ છઠ્ઠૂ, પુ૦ (૩૫) નાથા ૧, નારદ ૨, સોમા ૩. તેમાંના નાથા ભા૦ નાગલદે, પુ૦ (૩૬) આણંદ–નાકર ભા૦ ટાંક, પુ૦ (૩૭) સધારણ ૧, શિવસી ૨, ગોપી ૩.

**च.** (૩૩ **क**) શેઠ દેવાનો ત્રીજો ભાઈ શેઠ નંદા તેની પ્રથમ ભાર્યા લાખુ, પુ૦ (૩૪) રૂપા ૧, આશા ૨. તેમાંના રૂપા ભા૦ કુંવરી, પુ૦ (૩૫) ભચા ૧, અજૂ ૨, મહિપા ૩, કાન્હા ૪. તેમાંના ભચા ભા૦ નાથી; પુ૦ (૩૬) રાઘવ ભા૦ રાજલદે, પુ૦ (૩૭) ધના ૧, વર્ધમાન ૨, પોચા ૩, પોપટ ૪.

**વળાદ ગામ**

**छ.** ૩૫ **च**) ભચાના ભાઈ અજૂની ભા૦ અજાદે, પુ૦ (૩૬) રૂઠા ૧, રાજા ૨, નાયક ૩. તેમાંના રૂઠાની પ્રથમ ભાર્યા વેજલદે, પુ૦ (૩૭) મેઘજી ૧, જગમાલ ૨. બીજી ભાર્યા માણિકદે, પુ૦ (૩૭) અભયરાજ.

**ज.** (૩૬ **छ**) રૂઠાનો ત્રીજો ભાઇ નાયક તેની ભાર્યા નારિંગદે, પુ૦ (૩૭) દેવરાજ ૧, સંઘરાજ ૨.

**झ.** ઉપર્યુક્ત (૩૩ **क**) મંત્રી નંદાએ **શ્રી મલ્લિનાથ** ભ૦ની મૂર્ત્તિ ૧ અને તેના વંશજોએ જિનબિંબ ૨ મળીને કુલ ત્રણ જિનબિંબો કરાવીને તે શ્રી **અંચલગચ્છીય શ્રી વિજયકેસરસૂરિ**[2]**ના** ઉપદેશથી પ્રતિષ્ઠા **વળાદ** ગામમાં કરાવી. એ જ મંત્રી નંદાની બીજી

૧. આચાર્યપદ સં. ૧૪૨૬. સ્વર્ગવાસ સં. ૧૪૭૧. – સંપાદક.

૨. વિજયકેસર —જયકેસરીસૂરિ આચાર્યપદ સં. ૧૪૯૪. સ્વર્ગવાસ સં. ૧૫૦૧. – સંપાદક.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્ત્રી હીરૂ, પુ૦ (૩૪) સાહૂ ભા૦ સુહાગદે, પુ૦ (૩૫) ખીમા ભા૦ દેવલદે, પુ૦ (૩૬) વીશા ૧, દેશલ ૨, લાલા ૩. તેમાંના વીશા ભા૦ દ્રુબી, પુ૦ (૩૭) સહિસા ભા૦ મરઘાઈ, પુ૦ (૩૮) સિંઘા ૧.

ञ. (૩૬ झ) વીશાના ભાઈ દેશલની ભા૦ મક્રૂ, પુ૦ (૩૭) લખા ભા૦ ખીમાઈ, પુ૦ (૩૮) હરખા ૧, મેઘા ૨, જગા ૩, આણંદ ૪, કામા ૫, પોમા ૬ **(પોમાએ દીક્ષા લીધી.)**, અર્જુન ૭. આમાંના હરખા ભા૦ ગુરી, પુ૦ (૩૯) વર્ધમાન ૧, ઠાકુર ૨.

ट. (૩૮ झ) હરખાનો સાતમો ભાઈ અર્જુન તેની ભા૦ અહિવદે, પુ૦ (૩૯) માંડણ ૧.

ठ. (૨૯ क) મંત્રી કરમણના ભાઈ લાલાની પત્ની લાડમદે, પુ૦ (૩૦) હરદાસ ભા૦ હાંસલદે, પુ૦ (૩૧) રહીયા–મહૂયા **(મહૂયાએ પાછળથી દીક્ષા લીધી હતી.)** ભા૦ માનબાઈ, પુ૦ (૩૨) હીરા. આ શેઠ હીરાએ ઉચાળો ભરીને **ગોલવાડમાંના** '**વલહ**' ગામમાં નિવાસ કર્યો. તે મંત્રી હીરા ભા૦ સખૂ. આ સખૂના

**વલહ ગામ**

શરીરમાં સિદ્ધશિકોતરીનો વલગાડ થવાથી તેને પૂછતાં તેણે ગોત્રીજ જુહારવાનું કહેવાથી, માંજરિ નામ લઈને (?) ગોત્રીજ જુહાર્યા. તેમાં નણંદને બે શેર માતર (સુખડી) અને અટલસનું કાપડું, ફોઈને એક રૂપિયો તથા ચાર માણાના લાડુ કુટુંબમાં વહેંચ્યા. તે મંત્રી હીરા ભા૦ સખૂ, પુ૦ (૩૩) ચાચા ભા૦ ચાંપલદે, પુ૦ (૩૪) પોમા ૧, મકા ૨. તેમાંના પોમા ભા૦ પ્રેમલદે, પુ૦ (૩૫) શ્રીવંત ભા૦ સરીયાદે, પુ૦ (૩૬) ભોલા ભા૦ ભાવલદે, પુ૦ (૩૭) રીડા ભા૦ સોભી પુ૦ (૩૮) સિંઘા ૧, સમધર ૨. તેમાંના સિંઘા ભા૦ જયવંતી, પુ૦ (૩૯) કાળા ૧, અર્જુન ૨, વના ૩. તેમાંના કાળા ભા૦ મરઘૂ, પુ૦ (૪૦) દેવા ૧, ભીમા ૨. તેમાંના દેવા ભા૦ નાનૂ, પુ૦ (૪૧) દૂદા ભા૦ આની, પુ૦ (૪૨) જસા ૧.

ड. (૪૦ ठ) દેવાના ભાઈ ભીમાની ભા૦ ભરમાદે, પુ૦ (૪૧) જોધા ભા૦ જિસ્માદે, પુ૦ (૪૨)

ढ. (૩૯ ठ) કાળાના ભાઈ અર્જુનની ભા૦ માણિકદે, પુ૦ (૪૦) નાકર ભા૦ પુહતી, પુ૦ (૪૧) સીહા ૧, પેથા ૨, નાઈયા ૩, નગા ૪, પાંચા ૫. તેમાંના સીહા ભા૦ સરીયાદે, પુ૦ (૪૨) દેવરાજ ૧, શિવરાજ ૨.

ण. (૩૧ क) શેઠ ધનાનો ચતુર્થ ભાઈ ચોથો તેની પત્ની ચાહિણદે, પુ૦ (૩૨) શોભા તે પહેલાં '**નોરતા**' ગામમાં રહેતો હતો. પછી **પાટણમાં**

**પાટણ નગર**

રહેવા આવેલ. તેણે પુનર્લગ્ન (વિધવા–લગ્ન) કર્યું હતું, તેથી તે વિ. સં. ૧૪૪૧ માં લઘુ શાખી અર્થાત્ **દશા શ્રીમાળી** થયો. તે શોભા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભા૦ રંગાઈ, પુ૦ (૩૩) માહવ ૧, ઈભા ૨. તેમાંના ઇભા ભા૦ દેમી, પુ૦ (૩૪) રંગા ૧, જાગા ૨. તેમાંના રંગા ભા૦ રંગાદે, પુ૦ (૩૫) વરસિંગ–જેમા ભા૦ જિસ્માદે, પુ૦ (૩૬) સુંટા ૧, રાઇયા ૨. તેમાંના **રાઇયાએ દીક્ષા લીધી** અને સુંટા ભા૦ કરમાદે, પુ૦ (૩૭) રાજપાલ ૧, વિજપાલ ૨, બ્રહ્મદાસ ૩.

**સલખણુપુર** પાસે **त.** ( ૩૪ **ण** ) રંગાનો ભાઈ જાગા, ફડીયાનો વેપાર કરવાથી **તેની લહરી ગામ 'ફડીયા'** અટક થઇ. ફ૦ જાગા ભા૦ જિસ્માદે, પુ૦ ( ૩૫ ) જોગા ૧.

**चाणस्मा गाम**

**थ.** ( ૨૮ **क** ) વર્ધમાનના ભાઇ જયતાએ **નરેલી** ગામમાંથી ઉચાળો ભરીને પોતાના સાસરાના સગપણથી **ચાહણસામિ (ચાણસ્મા)*** ગામમાં નિવાસ કર્યો. ત્યાં તેણે **શ્રી ભટ્ટવા પાર્શ્વનાથ** ભગવાનનું મંદિર બંધાવ્યું અને **અંચલગચ્છીય** શ્રીમાન્ **અજિતસિંહસૂરિના** ઉપદેશથી વિ. સં. ૧૩૩૫ માં તેની પ્રતિષ્ઠા કરાવી. તે મંત્રી જયતા ભાર્યા જયવંતી, પુ૦ (૨૯) હપા ભા૦ દેમાઈ, પુ૦ (૩૦) માંડણ ભા૦ માલણદે, પુ૦ (૩૧) રહીયા ભા૦ રહીયાદે, પુ૦ (૩૨) વસ્તા. તેણે ચાણસ્માથી ઉચાળો ભરીને **ગેગૂદણ** ગામમાં નિવાસ કર્યો. તે વસ્તા ભા૦ વલાદે પુ૦ (૩૩) વાગૂ–રણસી ભા૦ રમાદે, પુ૦ (૩૪) મદા ૧, વાછા ૨, રામા ૩. તેમાંના મદા ભા૦ સલખૂ, પુ૦ (૩૫) નગા ૧, હાપા ૨, તેજા ૩. તેમાંના નગા ભા૦ ધની. પુ૦ (૩૬)

**ગેગૂદણ ગામ**

**द.** ( ૩૫ **थ** ) નગાના ભાઇ હાપાની ભા૦ માનૂ, પુ૦ ( ૩૬ ) કરમસી ભા૦ તેજૂ, પુ૦ ( ૩૭ ) રીઠા ૧, સિંઘા ૨.

**ध.** ( ૩૪ **थ** ) મદાના ભાઇ વાછાની ભા૦ ભોલી, પુ૦ ( ૩૫ ) હોઇયા ૧, ભીમા ૨, ગલુયા ૩. એમાંના ભીમા ભા૦ કરમી, પુ૦ ( ૩૬ ) નાયક ૧, માલા ૨, હરખા ૩, ગોરા ૪, શામલ ૫, કુંવરા ૬. તેમાંના નાયક ભા૦ નાયકદે, પુ૦ ( ૩૭ ).

**न.** ( ૩૬ **ध** ) નાયકના ભાઇ માલા ભા૦ માંનૂ, પુ૦ ( ૩૭ ) સિંહા ૧, સરવણ ૨, કરમણ ૩. તેમાંના સિંહા ભા૦ ટાંક, પુ૦ ( ૩૮ ) જાગા ૧, મેઘા ૨. આમાંના જાગા ભાર્યા જીવાદે, પુ૦ ( ૩૯ )૦

**प.** ( ૩૭ **न** ) સિંહાના ભાઇ સરવણની ભા૦ સહજલદે, પુ૦ ( ૩૮ ) વીરમ ૧, ખોખા ૨, જૂઠા ૩. તેમાંના **વીરમ** ભાર્યા વનાદે, પુ૦ ( ૩૯ )૦

**फ.** ( ૩૭ **न** ) સિંહાના ત્રીજા ભાઈ **કરમણની** ભાર્યા કાસલદે, પુ૦ ( ૩૮ ) રીઠા ૧, લખા ૨. એમાંના રીઠા ભા૦ રાજલદે, પુ૦ ( ૩૯ ) શવસી ભા૦ સુખ-

* પાટણથી ૬ ગાઉ દૂર ચાણસ્મા નામનું ગામ અત્યારે વિદ્યમાન છે. એ જ પહેલાં "ચાહણસામી" **નામથી** ઓળખાતું હશે એમ લાગે છે. ચાણસ્મામાં હાલ શ્રાવકોનાં ઘર ત્રણસો છે અને બે જિનમંદિરો છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મહાસણ ગામ** માદે. પુ૦ ( ૪૦ ) લખા ભા૦ લખમાદે પુ૦ ( ૪૧ ) જગસી ૧, હરખા ૨. તેમાંના હરખા ભા૦ માણિકદે, પુ૦ ( ૪૨ ) મેલા ૧, માકા ૨, જીવા ૩, નાથા. તેમાંના મેલા ભા..........પુ૦ અટોલ ૧.

ब. ( ૪૨ फ ) મેલાના ભાઈ માકાની ભાર્યા માલણદે, પુ૦ ( ૪૩ ) શ્રીવંત ૧, વીણા ૨, ધના ૩, ધરમસી ૪, અજા ૫. તેમાંના શ્રીવંત ભા૦ સરીયાદે, પુ૦ ( ૪૪ ) પુંજા ૧, દેવા ૨. તેમાંના પુંજા ભા૦ રત્નાદે, પુ૦ ( ૪૫ ) વીણા ભા૦ વલાદે, પુ૦ ( ૪૬ ) રાંકા ૧.

म. ( ૩૬ घ ) નાયકના ચોથા ભાઈ ગોરાની ભાર્યા........પુ૦ ( ૩૭ ) શામલ ભા૦ રમાદે, પુ૦ ( ૩૮ ) કડૂઆ ભાર્યા કપૂરદે, પુ૦ ( ૩૯ ) શ્રીચંદ ૧, દેવચંદ ૨, હરિચંદ ૩. તેમાંના શ્રીચંદ ભા૦ કોડિમદે, પુ૦ ( ૪૦ ) જયચંદ ૧, માનજી ૨.

म. ( ૩૯ म ) શ્રીચંદના ભાઈ દેવચંદની ભા૦ અછબાદે, પુ૦ (૪૦) લાલજી ૧.

य. ( ૨૫ क ) શ્રીધરના ભાઈ જીવા **પાટણથી રવાલીયામાં** રહેવા આવ્યા. તે મંત્રી જીવા ભા૦ જીવાદે, પુ૦ ( ૨૬ ) જિનદત્ત ભા૦ પકૂ, પુ૦ ( ૨૭ ) વના ૧, **રવાલિયા ગામ** વિજયા ૨. તેમાંના **વિજયાએ દીક્ષા લીધી** અને વનાએ અહીંથી ઉચાળો ભરીને પોતાના સાસરાના સગપણથી જાંબુની **ડહરવાલિ** ગામમાં વિ. સં. ૧૨૯૫ માં નિવાસ કર્યો. તે મંત્રી વના ભા૦ સખૂ, પુ૦ ( ૨૮ ) **ડહરવાલિ ગામ** માધવ ભા૦ સાંપૂ, પુ૦ ( ૨૯ ) નયણા ૧, નગા ૨, રંગા ૩. તેમાંના નયણા ભા૦ નારિંગદે, પુ૦ ( ૩૦ ) સારંગ. તેણે અહીંથી ઉચાળો ભરીને **વયજલક (વેજલપુર ?)** માં વાસ કર્યો. તે સારંગ ભા૦ સરીયાદે, **વેજલપુર ગામ** પુ૦ ( ૩૧ ) ડોસા ભા૦ નાકૂ, પુ૦ ( ૩૨ ) રંગા ૧, મેલા ૨, રામા ૩. આમાંના રંગા ભા૦ જોમી, પુ૦ ( ૩૩ ) વાછા. આ શેઠ વાછાએ અહીં **અંચલગચ્છીય** શ્રી **ભુવનતુંગસૂરિના*** ઉપદેશથી શ્રી **પાર્શ્વનાથ** ભગવાનનું મંદિર બંધાવીને તેની પ્રતિષ્ઠા કરાવી. તે મંત્રી વાછા ભા૦ માઉ પુ૦ ( ૩૪ ) કરમણ ૧, લખમણ ૨. તેમાંના **લખમણે ચારિત્ર અંગીકાર કર્યું**. મંત્રી કરમણ ભા૦ કરમાદે પુ૦ ( ૩૫ ) મોકા ભા૦ પૂગી, પુ૦ ( ૩૬ ) મહિરાજ ૧, માંડણ ૨. એમાંના મહિરાજ ભા૦ માણિકદે, પુ૦ ( ૩૭ ) દેવા ૧, નગા ૨. એમાંના મંત્રી દેવા ભા૦ દેવલદે પુ૦ ( ૩૮ ) માના ભા૦ માંનૂ, પુ૦ ( ૩૯ ) જાગા ભા૦ દેગી, પુ ( ૪૦ ) ધરણી ભા૦ પૂરી, પુ૦ ( ૪૧ ) પાસા ભા૦ અજી, પુ૦ ( ૪૨ ) શિવા ૧, પોચા ૨. એમાંના શિવાની પ્રથમ ભા૦ વલાદે, પુ૦ ( ૪૩ ) જાણા ૧, લાણા ૨, લાવડ ૩, નરસિંહ ૪, કરમસી ૫.

---

* ભુવનતુંગસૂરિ – આ આચાર્ય ધર્મપ્રભસૂરિ (સં. ૧૩૫૯ થી ૧૩૯૩)ના વખતમાં હયાત હતા. – સં.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

र. (૪૨ य) શિવાની બીજી ભાર્યા સરીયાદે પુ૦ (૪૩) માંકા.

ल. (૩૬ य) મહિરાજના ભાઇ માંડણની ભા૦ શોભી, પુ૦ (૩૭) વરધા ૧, કાલા ૨, નોલા ૩, લખા ૪. તેમાંના વરધા ભા૦ દેગી, પુ૦ (૩૮) સાંગા ભા૦ સાંગારદે, પુ૦ (૩૯) કાન્હડદે. તેણે ઉચાળો ભરીને પહેલાં **વડોદરા**માં અને પછી **વઢવાણ** પાસેના **બલદાણા** ગામમાં નિવાસ કર્યો, અને ત્યાં એક જિનાલય બંધાવીને તેમાં મૂળનાયક **શ્રી પાર્શ્વનાથ** ભગવાનની મૂર્તિ ભરાવી. તે કાન્હડદેની ભા૦ કપૂરદે, પુ૦ (૪૦) ચાંપા ૧, અમીયા ૨. તેમાંના ચાંપા ભા૦ પ્રેમલદે, પુ૦ (૪૧) સહસા ભા૦ સરીયાદે, પુ૦ (૪૨) જીવા ૧, ખીમા ૨. આમાંના જીવાની ત્રણ ભાર્યામાંથી દૂબી પુ૦ (૪૩) ભીમા ૧, શાણા ૨, ભુજબલ ૩, જસા ૪; જાણા ૫, જોધા ૬. તેમનાં ભીમા ભા૦ ભાવલદે, પુ૦ (૪૪) શ્રીવંત ૧, જયચંદ ૨, રંગા ૩.

**બલદાણા ગામ**

व. (૪૩ ल) ભીમાના ભાઈ શાણાની ભાર્યા સમાઈ, પુ૦ (૪૪) શિવરાજ ભા૦ આજાદે, પુ૦ (૪૫) શામલ ૧, શ્રીમલ ૨, ભલા, ભોજા ૪. તેમાંના શામલ ભા૦ સૂરમદે, પુ૦ (૪૬) વાઘા ૧, નાગજી ૨. હેમરાજ ૩. આમાંના વાઘા ભાર્યા... ... પુ૦ (૪૭)........આંબા ૧, સિદ્ધરાજ ૨. તેમાંના આંબા ભા૦........પુ૦ નાગજી ભાર્યા દેવકી, પુ૦ સૂરજી ૧.

**પહેલાં બલદાણામાં, ત્યાર પછી નાગનેશમાં**

श. (૪૬ व.) વાઘાના ત્રીજા ભાઈ હેમરાજની ભા૦ ગેલાં, પુ૦ (૪૭) સેજપાલ ૧, ખેતા ૨.

ष. (૪૫ व) શામલના ભાઈ શ્રીમલની પ્રથમ ભા૦ શણગારદે પુ૦ (૪૬) મેઘા ૧, મેલા ૨. એમાંના મેઘા ભા૦ સવીરાં, પુ૦ (૪૭) શિવગણ ૧, શ્રીપાલ ૨.

स. (૪૫ व) શ્રીમલની બીજી ભાર્યા વીમરદે, પુ૦ (૪૬) વેલા વિગેરે ૩. તેમાંના વેલા ભા૦........પુ૦ (૪૭) જેઠા.

ह. (૨૯ य) નયણાના ભાઈ નગાની ભા૦ નાગલદે, પુ૦ (૩૦) ગોગન ૧, ગણપતિ ૨. તેમણે વિ. સં. ૧૪૪૫ માં **શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરી, મહોત્સવ** કરીને **અંચલગચ્છ**માં **શ્રી રંગરત્નસૂરિ**ને આચાર્ય પદે સ્થપાવ્યા અને તેમણે પોતાના વાણોતર (ગુમાસ્તાઓ) ને ગામોગામ મોકલીને **ગુજરાત** તથા **સોરઠ** દેશમાંના **ચોરાશી ગચ્છ**ના સાધુઓને વેશ (કપડા–કાંબલા–પાત્રાં વિગેરે) વહોરાવ્યાં. એ કારણથી તેઓનું નામ '**ડહરવાલીયા**' એવું બિરુદ પ્રસિદ્ધ થયું. તે ગોગનની ભા૦ ગુરાંદે, પુ૦ (૩૧) મંગલ ૧, જિનદત્ત ૨. તેમાંના મંગલની ભા૦ મયગલદે, પુ૦ (૩૨) ખોજા ૧, કાન્હા ૨. એમાંના

**ખંભાત પાસેના તારામાં ગામમાં**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખોજા ભા૦ સહિજદે, પુ૦ (૩૩) ગહગા ૧, ગણપતિ ૨. આમાંના ગહગા ભા૦ મનાઈ, પુ૦ (૩૪) કુંભા ૧, કુંવરા ૨. તેમાંના કુંભા ભા૦ કુંભાદે, પુ૦ (૩૫) પોપટ ૧, લાલા ૨, વાલા ૩. તેમાંના પોપટની ભા૦ માઈ, પુ૦ (૩૬) વિદ્યાધર ભા૦ હર્ખાદે, પુ૦ (૩૭) વાછા ૧, સહસા ૨. એમાંના **સહસાએ દીક્ષા લીધી** અને વાછા ભા૦ દાડિમદે, પુ૦ (૩૮) ભોજા ૧, ભીમા ૨, સંતોષી ૩. એમાંના ભોજા ભા૦ ધની, પુ૦ (૩૯) શિવસી.

ક્ષ. (૨૪ क) સારંગના ભાઈ મહિપાની ભા૦ કુલાં, પુ૦ (૨૫) ભાટા. આ શેઠ ભાટાને, **ગુજરાતના** મહારાજા **સિદ્ધરાજ જયસિંહે**, **સહસ્રલિંગ** તલાવ બંધાવવાનું કામ ચાલતું હતું, તે વખતે તે કામ ઉપર અધિકારી તરીકે નિમ્યો હતો, અને તેના બદલામાં પગાર તરીકે તેને **ચડોતર** દેશમાં **માતર** ગામની પાસેનું '**ગોભલેજ**' નામનું ગામ ભેટ આપ્યું હતું. મંત્રી ભાટા, સહસ્રલિંગ તલાવ માટે આવતાં પત્થરનાં દરેક ગાડલાં (ગાડાં) માંથી પાંચ પાંચ ગજ પત્થર પોતાના કામ માટે લઈને પોતાને ગામ '**ગોભલેજ**' વિગેરે ઠેકાણે મોકલી આપતો હતો. આ પત્થરોથી મંત્રી ભાટાએ પોતાના '**ગોભલેજ**' ગામમાં બાર તલાવો તથા બાર કૂવા બંધાવ્યા. તેમ જ **શ્રી શત્રુંજય ગિરિરાજ** ઉપર જિનમંદિર બંધાવીને **અંચલગચ્છીય** આચાર્યોના ઉપદેશથી તેમાં જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી. કાળાન્તરે કોઈ ચાડીયાએ પત્થરો ઉપાડી જવાની રાવ–ફરિયાદ રાજા પાસે કરી, તેથી રાજા રુષ્ટમાન થયો

**માંડવગઢ નગર**

એટલે મંત્રી ભાટા ત્યાંથી નાશીને **માંડવગઢ**માં રહેવા ગયો. તે મંત્રી ભાટા ભા૦ દેમી, પુ૦ (૨૬) લુંભા ભા૦ માંની, પુ૦ (૨૭) માધવ ૧, કેશવ ૨. તેમાંના માધવ ભા૦ માલણદે, પુ૦ (૨૮) ગાંગા ૧, ગોરા ૨. આમાંના ગાંગાની ભા૦ રૂપી, પુ૦ (૨૯) જયવંત ભા૦ જિસમાદે, પુ૦ (૩૦) ભૂભચ ૧, ભરમા ૨. આમાંના ભૂભચ ભા૦ રજાઈ, પુ૦ (૩૧) નાકા ૧, માકા ૨. એમાંના નાકા ભા૦ નયણાદે, પુ૦ (૩૨) શોભા. આ શોભાએ **માંડવગઢથી** ઉચાળો ભરીને **વડોદરામાં**

**વડોદરા ગામ**

**ખેતશીના પાડામાં** નિવાસ કર્યો. તે શેઠ શોભા ભા૦ સરીયાદે, પુ૦ (૩૩) કર્મા ૧, ધર્મા ૨. કર્મા ભા૦ કરમાદે, પુ૦ (૩૪) ભીમડ ૧, ભાવડ ૨. ભીમડ ભા૦ ભીમાદે, પુ૦ (૩૫) દેવડ ભા૦ દેમાઈ, પુ૦ (૩૬) રાજડ ૧, ચાંપા ૨. રાજડ ભા૦ પદમાઈ, પુ૦ (૩૭) લાડ ૧, ભરમા. ભાવડ ભા૦ રૂપાઈ, પુ૦ (૩૮) ઠાકરશી. આ ઠાકરશીએ **વડોદરાથી** ઉચાળો ભરીને

**તારાપુર ગામ**

**ખંભાત** પાસેના **તારાપુર** ગામમાં **સંઘવી વાડામાં** નિવાસ કર્યો. તે ઠાકરશીની ભા૦ મલાઈ, પુ૦ (૩૯) જેશિંગ ૧, બદા ૨. જેશિંગ ભા૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિસ્માદે, પુ૦ (૪૦) સાભા ભા૦ રૂડી, પુ૦ (૪૧) શ્રીપતિ ભા૦ સુહવદે, પુ૦ (૪૨) હરખા ૧, કામા ૨, માંગા ૩. આમાંના મંત્રી હરખા ભા૦ હરખાદે, પુ૦ (૪૩) રામા ૧, રૂપા ૨, રાણા ૩. એમાંના રામા ભા૦.....................................

આ વંશાવળીનો અહીંથી આગળનો ભાગ મળી શક્યો નથી, તેથી આપવામાં આવ્યો નથી. આ વંશાવળી વાંચવાથી વાચકોને થોડેઘણે અંશે પણ "વહીવંચાઓની પ્રાચીન વહીઓ, એ ઇતિહાસનું એક ખાસ અંગ છે" એમ ખાત્રી થશે, એવી આશા રાખવા સાથે આ લેખ અહીં સમાપ્ત કરવામાં આવે છે. **इति शम्***

* સાંકેતિક શબ્દો તથા ચિહ્નોનો ખુલાસો નીચે પ્રમાણે છે:

(૧) મૂળ શાખા ઉપર સંજ્ઞા માટે **'क'** અક્ષર આપીને તે મૂળ શાખામાંથી ફાટેલી જુદી જુદી શાખાઓના પ્રારંભમાં **ख** થી લઇને **क्ष** સુધીના અક્ષરો આપ્યા છે. મતલબ કે **क** સંજ્ઞાવાળી મૂળ શાખામાંથી બીજી ૩૩ શાખાઓ નીકળેલી છે.

(૨) પેટા શાખાની નિશાનીની સંજ્ઞાના અક્ષરની પાસે કૌંસમાં આવેલા નંબરની જોડે સંજ્ઞાનો જે અક્ષર કૌંસમાં જ આપેલ છે, તે અક્ષરની સંજ્ઞાવાળી શાખામાં તે નંબર તપાસવાથી તે નામનો માણસ મળી આવશે. અને તે માણસથી અથવા તેના ભાઇથી આ શાખા જુદી પડી છે, એમ સ્પષ્ટ જણાઇ આવશે. જેમ કે, **च.** (૩૩ **क**) શેઠ દેવાનો ત્રીજો ભાઇ નંદા. અહીં **च** સંજ્ઞાવાળી આ પેટા શાખા સમજવી અને **क** સંજ્ઞાવાળી મૂળ શાખાની ૩૩ મા નંબરની પેઢી જોવાથી તેમાં શેઠ દેવા અને તેના ભાઇ નંદાના નામો જરૂર મળી આવશે.

વિ૦ સં૦ = વિક્રમ સંવત્ — સં૦ = વિક્રમ સંવત્.

ભા૦ = ભાર્યા, પત્ની — દ્વૈ૦ (દ્વિ૦) દ્વિતીય-બીજી — પુ૦ = પુત્ર

આ વંશાવળીમાં આવેલાં આચાર્યોનાં તથા ગામોનાં નામોમાંથી કેટલાંકના પરિચય માટે ટીપ્પણ આપવાનો ચોક્કસ વિચાર હતો, પરંતુ વિહારના કારણે કંઇ પણ સામગ્રી પાસે નહીં હોવાથી બે ત્રણ ગામો સિવાય બીજા માટે કંઈ પણ પરિચય આપી શકાયો નથી.

× × ×

- ધર્મના સઘળા પ્રકાશનું આરાધન અહિંસા ધર્મના આરાધન માટે છે. જે જીવ બીજા કોઈ પણ જીવને દુઃખ ન પહોંચાડે, તેને માટે જ મોક્ષ કહેલું છે.
- 'અત્યારે ધર્મ કરવાની શી જરૂર છે? મોટા થઈને કરીશું.' આવું કહેનારાઓને પૂછીએ કે, 'ભાઈ! સ્મશાનમાં કઈ વયની વ્યક્તિઓને લઈ જવી પડતી નથી?' એટલે દરેક વયમાં ધર્મ કરવા યોગ્ય છે.
- ભોગ જેની પાસે હોય તે ભોગી અને ભોગની પાછળ જે ભટકે તે દરિદ્રી.
- ધર્મ માટે સમર્પણ ભાવ ઉત્પન્ન થાય, ત્યારે જ કાર્યસિદ્ધિ થાય છે.
- સમકિત એટલે આત્માને ધર્મ પ્રત્યે લાગેલી સાચી ભૂખ.
- અભ્યંતર તપની સહાય વગર બાહ્ય તપ ન થઈ શકે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org